પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૩ | ૨૫ જાન્યુઆરી, ૨૦૨૦, શનિવાર; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




# કરોના વાયરસથી ચીનમાં હાહાકાર

## ચીનના વુહાનમાં ૨૫ ભારતીય નાગરિક ફસાયા : સિંગાપોર, વિયતનામ સુધી વાયરસનો ફેલાવો : કોઇ પણ ભારતીય હજુ સુધીમાં વાયરસના સકંજામાં નથી : ખાસ વોર્ડ સ્થાપિત કરાયા

મુંબઈ,તા. ૨૪

ભારતના ૨૫ વિદ્યાર્થીઓ ચીનના વુહાનમાં કરોના વાયરસના ભય હેઠળ ફસાઈ ગયા છે. ચીનના વુહાન ખાતેથી શરૂ થયેલા વાયરસના ફેલાવાના કારણે દહેશત સતત વધી રહી છે. પડોશી દેશ સિંગાપોર અને વિયતનામ સુધી આ વાયરસ હવે પહોંચી ગયો છે. ભારત માટે ખુશખબરી એ છે કે અહીં હજુ સુધી એક પણ નાગરિક કરોના વાયરસથી ગ્રસ્ત નથી. એકબાજુ ભારતીય લોકોમાં પણ વિશ્વના અન્ય દેશોની સાથે દહેશત ફેલાયેલી છે. ચીનથી પરત ફરેલા બે લોકોના નવા પ્રકારના કરોના વાયરસથી ગ્રસ્ત હોવાની આશંકા દેખાયા બાદ તેમને સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.



● અનુસંધાન પાન-૭ પર

## મુંબઈમાં બે શંકાસ્પદ કેસ

મુંબઈ,તા. ૨૪

ચીનમાં હાહાકાર મચાવીને બીજા દેશોમાં ફેલાયેલા જીવલેણ કોરોના વાયરસનો ભારતમાં પણ હવે પગપેસારો થયો હોવાની આશંકા છે. મુંબઈ એરપોર્ટ પર ચીનથી આવતા મુસાફરોનુ સ્ક્રિનિંગ થઈ રહ્યુ છે.ચીનથી ભારત પાછા ફરેલા બે યાત્રીઓમાં આ વાયરસના શંકાસ્પદ ચિન્હો જોવા મળ્યા છે. જેમને હવે ડોક્ટરોના નિરિક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.

# કાશ્મીર સહિત ઉત્તર ભારત ઠંડીમાં ઠૂંઠવાયું: દ્રાસમાં -૩૦ ડિગ્રી

## જમ્મુ-કાશ્મીરમાં પહેલગામ -૧૩.૪ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર

શ્રીનગર,તા. ૨૪

કાશ્મીરમાં હાડ થીજવતી ઠંડીએ ફરી જોર પકડ્યું છે અને તાપમાનનો પારો નીચે ગગડતો જોવા મળ્યો છે. સમગ્ર ખીણ વિસ્તાર ઠંડીમાં ઠૂંઠવાયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં વરસાદ તેમજ બરફવર્ષા થવાની સંભાવના રહેલી છે.

આ વિસ્તારમાં રાત્રીનું તપામાન નોંધપાત્ર ગગડ્યું હોવાનું હવામાન વિભાગે નોંધ્યું છે. શ્રીનગરમાં તાપમાન ગગડીને -૬ ડિગ્રી નોંધાયું હતું જે અગાઉ -૦.૫ ડિગ્રી જ હતું. આ ઉપરાંત કાઝીગંદ ખાતે તાપમાન -૮.૨ ડિગ્રી રહ્યું હતું. પ્રવાસનના પોઈન્ટ એવા પહલગામમાં પારો ગગડીને -૧૩.૪ ડિગ્રીએ પહોંચ્યો હતો. કાશ્મીર પ્રદેશમાં પહલગામ સૌથી ઠંડુ શહેર હોવાનું હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન ઉત્તર કાશ્મીરમાં ગુલમર્ગમાં પારો -૧૧ ડિગ્રી રહ્યો હતોજે અગાઉ -૧૧.૨ ડિગ્રી નોંધાયો હતો. કેન્દ્ર શાસિક પ્રદેશ લેહ લદ્દાખમાં પણ માઈનસ ૨૦.૧ ડિગ્રી સુધી તાપમાન નીચું જતા સ્થિતિ કપરી બની હતી. આ ઉપરાંત ઉત્તરમાં સૌથી ટોચના સ્થળ દ્રાસમાં



તાપમાનનો પારો ગગડીને -૩૦ ડિગ્રી રહ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આગામી થોડા દિવસો સુધી ખીણ વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા પડવાની તેમજ બરફવર્ષા થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

જમ્મુ-કાશ્મીરમાં ઠંડા પવનો સાથે બરફવર્ષાને પગલે સમગ્ર ઉત્તર ભારતમાં પણ તાપમાન નીચું ગયું હતું.

# ...ત્યા સુધી અન્ન લઈશ નહીં : રામદાસ આઠવલે

## નિર્ભયાના દોષિતોને ફાંસી નહીં થાય ત્યાં સુધી અન્ન નહિ લેવાની રામદાસ અઠવાલેએ જાહેરાત કરી ચોંકાવ્યા

નવીદિલ્હી, તા. ૨૪

નિર્ભયાના દોષિતોને ફાંસીની સજા આપવાની માંગને લઈને સમાજસેવક અન્ના હઝારે છેલ્લા ૩૪ દિવસથી મૌનવ્રત પર છે ત્યારે કેન્દ્રીયમંત્રી રામદાસ અઠવાલેએ પણ અન્ના હઝારેની મુલાકાત કર્યા બાદ આજે જાહેરાત કરી હતી કે, જ્યાં સુધી નિર્ભયાના દોષિતોને ફાંસી અપાશે નહીં ત્યાં સુધી ઉપવાસ કરશે અને અન્નને હાથ લગાવશે નહીં. અન્ના રાણેગણસિદ્ધિમાં મૌનવ્રત કરી રહ્યા છે. અન્ના હઝારેને મળ્યા બાદ અઠવાલેએ કહ્યું હતું કે, રાણેગણસિદ્ધિમાં અન્ના હઝારે સાથે વાતચીત કરી છે. અત્રે નોંધનીય છે કે, તિહાર જેલમાં રહેલા નિર્ભયાના દોષિતોને ફાંસી

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરપ્રદેશમાં ખેડુતોના મુદ્દે આંદોલનના ભણકારા

નવી દિલ્હી,તા. ૨૪

ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધીએ ખેડુતોના મુદ્દા પર મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપ સરકારને ઘેરવા માટે તૈયારી કરી લીધી છે. ચૂંટણી માટેની રૂપરેખા તૈયાર કરી લેવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટી તેની ગુમાવેલી પ્રતિષ્ઠાને હાંસલ કરવા અને વિતેલા વર્ષોમાં કરેલી ભુલોનુ પુનરાવર્તન ન કરવા માટે તૈયારી કરી છે. કોંગ્રેસ પાર્ટી કેટલાક મુદ્દાને ચગાવવા માટે તૈયાર છે. ખેડુતોના મુદ્દે મોદી તેમજ યોગી સરકારને ભીંસમાં લેવા માટે તૈયાર છે.

## મનસે દ્વારા સીએએના સમર્થનમાં ૯મીએ મહારેલી

મુંબઈ,તા. ૨૪

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ કેન્દ્ર સરકારના સીએએ-એનઆરસીને ટેકો જાહેર કર્યો હતો. નવમી ફેબ્રુઆરીએ રાજ આ બંનેના સમર્થનમાં એક મેગા રેલી યોજશે એવી જાહેરાત પણ મનસે તરફથી કરવામાં આવી હતી. ભાજપ માટે આ એક સૂચક ઘટના છે કારણ કે મહારાષ્ટ્રમાં રાજના પિત્રાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરેની કોંગ્રેસ તથા એનસીપી સાથેની સરકાર છે અને કોંગ્રેસ તથા એનસીપીએ સીએએ-એનઆરસીનો ખુલ્લો વિરોધ કર્યો હતો.

## રાજસ્થાનમાં માત્ર ૩૫ ટકા સરપંચ જ વાંચી લખી શકે છે

જયપુર,તા. ૨૪

રાજસ્થાનમાં પહેલા ચરણની સરપંચની ચૂંટણી પૂરી થઈ હતી. એમાં એવી ચોંકાવનારી વિગત બહાર આવી હતી કે માત્ર ૩૫ ટકા સરપંચ એવા છે જે પોતાનું નામ લખવા જેટલું ખપ પૂરતું શિક્ષણ ધરાવે છે. બાકીના બધા સરપંચ અંગુઠા છાપ છે.

## હાર્દિક અભિનંદન



ગુજરાત રાજ્યના સહકારી આગેવાન શ્રી પરેશભાઈ આર. પટેલને ભારત દેશની નામાંકિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃભકોમાં (ન્યુ દિલ્હી) સતત ત્રીજી વખત દસ રાજ્યોમાંથી બિનહરીફ વરણી થવા બદલ હૃદયથી અભિનંદન સહ ખૂબ ખૂબ હાર્દિક શુભકામના....

શુભેચ્છક

દિલીપસિંહ આર. ચૌહાણ
ચેરમેનશ્રી
ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી.

## પ્રથમ માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

ફૂલ ખર્યું ને ફોરમ રહી, આપ ગયાં ને યાદો રહી...

યાદો તમારી લીલી છે, હજુ આંખો ભીની ભીની છે,
ઘરની ભીંતો, હવા, હર ચીજમાં ગમગીની છે.





ભાવનાબેન કે. ત્રિવેદી
સ્વ. તા. ૨૫-૧૨-૨૦૧૯

જોઈ પૂનમનો ચાંદ, હસવું કે રડવું ?
ખીલ્યું પણે પોયણું, ચૂંટવું કે નિરખવું ?
તસવીર તારી પૂજું કે છબી ઈશ્વરની પૂજું ?
કોને પૂછું હું, મારી જાતને કે જમાનાને પૂછું ?
'ક્યારેક જોધનો દૂર આકાશમાં તું' તેમ લાગે,
'ક્યારેક સાવ નજીક આત્મીય તું' તેમ લાગે.
સાત્ત્વિકતા, તાત્ત્વિકતા, સમતાનું ગુમાન હતું,
કિંકર્તવ્યમૂઢ, ગુમશુમ હું, સર્વ વિનાશ થતું.
જાણ્યું દર્દ મેં તેમનું, વિતી મુજ શી જેમને,
ઈશ્વર પણ ભૂલો કર્યા કરે, માફ છે તેમને.
- કે. એસ. ત્રિવેદી
- K. T.

